Sunday
09.07.2023
*Volume :7 * Issue No.341
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs.90/-

પ્રધાનમંત્રીએ તેલંગાણાના વારંગલમાં આશરે રૂપિયા ૬,૧૦૦ કરોડના મૂલ્યની બહુવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો

૫,૫૫૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના ૧૭૬ કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

કાઝીપેટમાં ૫૦૦ કરોડથી વધુના મૂલ્યના રેલ્વે વિનિર્માણ એકમનો શિલાન્યાસ કર્યો

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેલંગાણાનાવારંગલ ખાતે લગભગ રૂપિયા ૬,૧૦૦ કરોડના મૂલ્યની બહુવિધ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસલક્ષી પરિયોજનાઓનોશિલાન્યાસ કર્યો હતો. આ વિકાસ કાર્યોમાં રૂ. ૫,૫૫૦ કરોડથી વધુના મૂલ્યના ૧૭૬ કિમી લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ અને કાઝીપેટમાં રૂ. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવનાર એક રેલવે વિનિર્માણ એકમનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ અહીંભદ્ર કાળી મંદિરમાંદર્શન અને પૂજા પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરીહતી કે, તેલંગાણાપ્રમાણમાં ભલેનવું રાજ્ય છે તેમ છતાં અનેતેના અસ્તિત્વના માત્ર ૯ વર્ષ પૂરાં થયાં છે, તો પણ તેલંગાણા અને તેના લોકોનું યોગદાન ભારતના ઈતિહાસમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું હતું કે, "તેલુગુ લોકોના સામર્થ્યએ હંમેશા ભારતનાસામર્થ્યમાં વધારો કર્યો છે". પ્રધાનમંત્રીએ ભારતને વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં તેલંગાણાના નાગરિકોની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને તકોમાંવૃદ્ધિમાં વિશ્વાસવ્યક્ત કર્યો હતો કારણ કે દુનિયા અત્યારે ભારતને રોકાણનાં પસંદગીના સ્થળતરીકેજુએ છે.તેમણે આગળ ઉમેર્યું હતુંકે, "વિકસીત ભારત માટે ઘણી અપેક્ષાઓછે". પ્રધાનમંત્રીએ ૨૧મી સદીના ત્રીજા દાયકામાં સુવર્ણકાળના આગમનને સ્વીકાર્યું હતુંઅને દરેકનેઆ સમયગાળાનો પૂરેપૂરો ઉપયોગકરવાનો અનુરોધ કરતા કહ્યું હતું કે, "આજનું નવું યુવાભારત ઊર્જાથીછલોછલ છે". ઝડપી વિકાસની દૃષ્ટિએ ભારતનો કોઈ ભાગપાછળ ન રહેવોજોઈએ તે બાબત પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ છેલ્લા ૯ વર્ષમાં તેલંગાણાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીમાં સુધારો કરવામાં આવ્યો તેબાબત પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે તેલંગાણા માટે આજે લાવવામાં આવેલી ૬,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની વિવિધ પરિયોજનાઓ બદલ રાજયના લોકોને અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંત્રીએ નવાં લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે નવી રીતો શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કારણ કેતેમણે ધ્યાન દોર્યું હતું કે, ભારતમાં જૂનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મદદથી ઝડપી ગતિએ વિકાસ કરવો અશક્ય છે. નબળી કનેક્ટિવિટીઅને ઊંચો લોજિસ્ટિક ખર્ચ વ્યવસાયોની પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે તે બાબતની નોંધ લેતા પ્રધાનમંત્રીએ સરકાર દ્વારા વિકાસની ઝડપ અને વ્યાપકતામાં અનેકગણો વધારો કરવામાં આવ્યો તેના પર સૌનું ધ્યાન દોર્યું હતું. તેમણે ધોરીમાર્ગો, એક્સપ્રેસ વે, ઈકોનોમિક કોરીડોર અને ઔદ્યોગિક કોરીડોરનાં ઉદાહરણો આપ્યાં હતાં જે એક નેટવર્ક તૈયાર કરી રહ્યા છે અને જણાવ્યું હતું કે, દ્વી માર્ગીય અને ચાર માર્ગીય ધોરીમાર્ગોને અનુક્રમે ચાર માર્ગીય અને છ માર્ગીય ધોરીમાર્ગોમાં રૂપાંતરિત કરવામાં આવીરહ્યા છે.પ્રધાનમંત્રીએ એવી માહિતીઆપી હતીકે, તેલંગાણાના ધોરીમાર્ગોના નેટવર્કમાં બે ગણો વધારો થયો છે જે ૨૫૦૦ કિમીથી વધીને ૫૦૦૦કિમીનું થઈ ગયું છે. તેમણે એવોપણ ઉલ્લેખ કર્યો હતો કે, ૨૫૦૦ કિમીના રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું બાંધકામ વિકાસના વિવિધ તબક્કા હેઠળ છે. તેમણે એવી માહિતી પણ આપી હતી કે, ભારતમાલા પરિયોજનાના ભાગ રૂપે નિર્માણાધીન લગભગ એક ડઝન જેટલા કોરિડોર તેલંગાણામાંથીપસાર થાય છે અને હૈદરાબાદ - ઈન્દોર આર્થિક કોરિડોર, ચેન્નઈ - સુરત આર્થિક કોરિડોર, હૈદરાબાદ - પણજી આર્થિક કોરિડોર અને હૈદરાબાદ - વિશાખાપટ્ટનમ ઈન્ટર કોરિડોરનાં ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રી પોતાની વાત આગળ

ચાલુ રાખતા જણાવ્યું હતું કે, આ રીતે તેલંગાણાઆસપાસના આર્થિક કેન્દ્રોને જોડેછે અને આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બની રહ્યું છે. પ્રધાનમંત્રીએ નાગપુર-વિજયવાડા કોરિડોરના મંચેરિયલ-વારંગલ સેક્શનનો આજે શિલાન્યાસ કર્યો હતો તેના વિશે બોલતા તેમણે જણાવ્યું હતું કે, આ કોરિડોર તેલંગાણાને મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ સાથે આધુનિક કનેક્ટિવિટી પૂરી પાડશે જ્યારે મંચેરિયલ અને વારંગલ વચ્ચેનું અંતર પણ ઘટશે અને ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે. તેમણે આગળ ઉમેર્યું હતું કે, "આ પ્રદેશ ઘણા આદિવાસી સમુદાયોનું ઘર છે અને લાંબા સમયથી તેની ઉપેક્ષા કરવામાંઆવતી હતી". શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ કોરિડોર રાજ્યમાં મલ્ટિમોડલ કનેક્ટિવિટીને દૂરંદેશી આપશેઅને કરીમનગર-વારંગલ સેક્શનનુંચાર માર્ગીકરણ કરવાથી હૈદરાબાદ-વારંગલ ઔદ્યોગિક કોરિડોર,કાકટિયા મેગા ટેક્સટાઈલ પાર્ક અને વારંગલ જીઈઢ સાથે કનેક્ટિવિટી વધુ મજબૂત થશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વકકહ્યું હતુંકે, તેલંગાણામાં કનેક્ટિવિટીમાંવધારોથયો હોવાના કારણે રાજયના ઉદ્યોગ અને પ્રવાસનને તેનાથીસીધોફાયદો થઈ રહ્યો છે કારણ કે તેલંગાણામાં હેરિટેજ કેન્દ્રો અને આસ્થાના સ્થળોનો પ્રવાસ કરવાનું હવે વધુ અનુકૂળ બની રહ્યુંછે. તેમણે કૃષિ ઉદ્યોગ અનેકરીમનગરના ગ્રેનાઈટ ઉદ્યોગનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યુંહતું કે, સરકારના પ્રયાસો તેમને સીધી મદદ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતુંકે, "ખેડૂતો હોય કે શ્રમિકો, વિદ્યાર્થીઓ હોય કે વ્યાવસાયિકો, દરેકને ફાયદો થઈ રહ્યો છે. યુવાનોને તેમના ઘરની નજીક નવી રોજગાર અને સ્વ-રોજગારની તકો પણ મળી રહી છે". પ્રધાનમંત્રીએ મેક ઈન ઈન્ડિયા ઝુંબેશ અને વિનિર્માણ ક્ષેત્ર દેશના યુવાનો માટે કેવી રીતે રોજગારનો વિશાળસ્રોત બનીરહ્યાછે તેબાબત પર પ્રકાશ પાડીને દેશમાં વિનિર્માણને પ્રોત્સાહન આપવા માટે અમલમાં મૂકવામાં આવેલી " યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ આ યોજના હેઠળ તેલંગાણામાં અમલમાંઆવી રહેલા ૫૦થી વધુ મોટા પ્રોજેક્ટ્સની માહિતી આપી હતી અને કહ્યું હતું કે, "જેઓ વધુ ઉત્પાદન કરી રહ્યા છે તેઓને સરકાર તરફથી વિશેષ સહાયતા આપવામાં આવી રહી છે". પ્રધાનમંત્રીએ આ વર્ષે સંરક્ષણ ક્ષેત્રે નિકાસમાં ભારતે નવો વિક્રમ બનાવ્યોહોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે માહિતી આપીહતી કે, ભારતની સંરક્ષણ નિકાસ ૯ વર્ષ પહેલાં માત્ર ૧૦૦૦ કરોડ રૂપિયાની હતી તે આજે વધીને ૧૬,૦૦૦કરોડ રૂપિયાનો આંકડો ઓળંગીગઈ છે.તેમણે હૈદરાબાદ સ્થિત ભારત ડાયનેમિક્સ લિમિટેડનો ઉલ્લેખ કર્યોહતો અને કહ્યું હતું કે, ભારત ડાયનેમિક્સ લિમિટેડને પણ આનો લાભ મળી રહ્યો છે. ભારતીય રેલ્વે દ્વારા વિનિર્માણના સંદર્ભમાંનવા વિક્રમો અને નવા સીમાચિહ્નો સ્થાપિત કરવામાં આવી રહ્યા હોવાની બાબતને પણ પ્રધાનમંત્રીએ સ્પર્શ કરી હતી અને તેના વિશે વાત કરી હતી. તેમણે 'મેડ ઈન ઈન્ડિયા' વંદે ભારત ટ્રેન સંબંધે થતી ચર્ચા પર પ્રકાશ પાડ્યોહતો અનેજણાવ્યું હતું કે, ભારતીય રેલ્વેએવર્ષોથી હજારો આધુનિક કોચઅને લોકોમોટિવ્સનું નિર્માણ કર્યુ છે.પ્રધાનમંત્રીએ આજે કાઝીપેટમાં શિલાન્યાસ કરવામાં આવેલા રેલ્વે વિનિર્માણ એકમનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, તે ભારતીય રેલ્વેનો કાયાકલ્પ છે અને કાઝીપેટ મેક ઈન ઈન્ડિયાની નવી ઊર્જાનો ભાગ બનશે. પ્રધાનમંત્રીએ કહ્યુંહતું કે, આના કારણેઆ ક્ષેત્રમાં રોજગારીની નવી તકોનું સર્જન થશે અને દરેક પરિવારને એક યા બીજી રીતે ફાયદો થશે. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનનું સમાપન કરતા કહ્યુંહતું કે, "આસબકાસાથ, સબકા વિકાસ" છે અને તેમણે વિકાસના આ મંત્ર પર તેલંગાણાને આગળ લઈ જવાનોઅનુરોધ કર્યોહતો. આ પ્રસંગે તેલંગાણાના રાજ્યપાલ ડૉ. તમિલિસાઈ સૌંદરરાજન, કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી, કેન્દ્રીય પર્યટન મંત્રી શ્રી જી. કિશન રેડ્ડી અને સાંસદ શ્રી સંજય બાંડી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાતે ટોકિયોના ગવર્નર સુશ્રી યુરિકો કોઈકે

ક્લાયમેટ ચેન્જ, મલ્ટીમોડલ ટ્રાન્સ્પોર્ટ, ગિફ્ટસિટીની પેટર્ન પર જાપાનમાં નિર્માણાધીન સુશી ટેક સીટી અંગે વિશદ પરામર્શ થયો

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ટોકિયોના ગવર્નર સુશ્રી યુરિકો કોઈકેએ ગાંધીનગરમાંલીધી હતી. ભારતની પ્રેસિડેન્સીમાં યોજાઈ રહેલી G20 સમિટ અંતર્ગત ગુજરાતમાં આયોજિત U20ની મેયોરલ સમિટમાં સહભાગી થવા ટોકિયોના ગવર્નરશ્રી ગુજરાત આવેલાછે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેકરેલી મુલાકાતબેઠકમાં તેમણે ગુજરાતે U20 સમિત સહિત ૪૨૦ની વિવિધ બેઠકોનાં કરેલા સફળ આયોજન માટે અભિનંદન પાઠવ્યાં હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆતથીજ જાપાન પાર્ટનર કન્ટ્રી તરીકે સહયોગી રહ્યું છે તેના પરિણામે પારસ્પરિક સંબંધોવધુ દૃઢ બન્યા છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. વાયબ્રન્ટ સમિટની ૨૦૨૪ માં યોજાનારી ૧૦મી સીરીઝમાં પણ જાપાન જોડાય તેવી અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ દર્શાવી હતી. આ મુલાકાત બેઠક દરમિયાન ક્લાઈમેટ ચેન્જ, મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ, રિન્યુએબલ એનર્જી સેક્ટર તથા અર્બન ફોરેસ્ટ્રી અંગે પરસ્પરની બેસ્ટ પ્રેક્ટિસીસ વિશે પણ વિમર્શથયો હતો. ગુજરાતમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સટેક સિટી-ગિફ્ટ સિટીની પેટર્ન પર જાપાનમાં ટોકિયો નજીક સસ્ટેઈનેબલ હાઈટેક સિટી–SUSHIનું નિર્માણ થઈ રહ્યું છે તેની પણ વિગતો ટોકિયો ગવર્નરશ્રીએ આપી હતી. આબેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, શ્રી એસ. જે. હૈદર, તેમજ વરિષ્ઠ અગ્ર સચિવો જોડાયાં હતાં.

સિદ્ધપુર નંબર ૧ બને તે રીતનું કામ કરવાનુ છે - બલવંતસિંહ રાજપુત

સિધ્ધપુર ખાતે જીલ્લા ઉધોગ સેમીનારમાં જિલ્લાની વિવિધ યોજના અંતર્ગત ૪૫૧ લાભાર્થીઓને મળ્યો ૧૦૬ લાખનો લાભ

કમલમ્ ન્યુઝ,

કુટિર ઉદ્યોગો, સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વિવિધ યોજનાઓ અંતર્ગતમાર્ગદર્શન તથા વિવિધ યોજનાઓ હેઠળ લાભોનું વિતરણ માટે જિલ્લા ઉદ્યોગ કેંદ્ર પાટણ તથા સિદ્ધપુર જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા આયોજિત સેમિનાર માન. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષાસ્થાને યોજાયો. કેબિનેટ મંત્રીએ સ્ટોલની મુલાકાત લીધી હતી ત્યારબાદ કાર્યક્રમને સંબોધતા જણાવ્યું, કે સિદ્ધપુર વિસ્તારમાં વિકાસોના કામકરવાનું આયોજન છે. ઉદ્યોગ ક્ષેત્રેની વિવિધ યોજનાનો લાભ લઈ લાભાર્થીઓ આ સહાયનો સારીરીતે ઉપયોગકરે તે જરુરીછે. સરકારશ્રીના પ્રયત્નોને લિધેઆજે ગુજરાતનંબર ૧છે અને એમના પ્રયત્નોના લીધે જ આજે ભારત દેશ વિશ્વ ગુરુ બનવા જઈ રહ્યુંછે. કેબિનેટ મંત્રીશ્રીએ જણાવ્યુ કે આપણે બધા ભેગા મળીને સિદ્ધપુર નંબર ૧બને તેરીતનુંકામ કરવાનુ છે. સરકારશ્રીની યોજનાઓનો લાભ લેવો એ લોકોનો હક છે આ હક અપાવવા આપને માધ્યમ બની રહ્યા છીએ એ વાતનો આનંદ છે. જિલ્લા વહીવટી તંત્ર સિદ્ધપુરના ગામડાઓની મુલાકાત લેશે ત્યારે સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા આપ પ્રેરિત થશો. માનવગરીમા યોજનાઓ લાભ લેવા કેબિનેટ મંત્રીએ અનુરોધ કર્યો હતો. સિદ્ધપુરમાં ગામતળના પ્રશ્ન પણ ઉકેલવવામાં આવી રહ્યો છે. સિદ્ધ પુર વિસ્તારની શાળાઓ ઈ વગરની નારહે તેરીતનું આયોજન કરવામાં આવનાર છે. મંત્રીએ યુવાઓને અનુરોધકરતા જણાવ્યું કે તમે વતનમાં રહીને રોજગારી મેળવી અથવા સ્ટાર્ટ અપ જેવા ઉદ્યોગો શરુ કરો. તમને આ બાબતમાં કોઈજ તકલીફહોય તો ઉદ્યોગ વિભાગ દ્વારા તમામ પ્રકારનીમદદ કરવાત્યારછે. આ કાર્યક્રમના અંતેલાભાર્થીઓનાઅંતે ગાંધીજીના ચરખાનું વિતરણ, માનવકલ્યાણ યોજના અંતર્ગત લાભાર્થીઓને કિટનું વિતરણ, આંગણવાડીમાં રસોડા સેટનું વિતરણ, વાજપેઈ બેંકલોન ચેકનુ વિતરણ, નિશાળોમાં ઈ પ્લાન્ટનુ વિતરણ કરવામાં આવ્યું અને જિલ્લાના ૪૫૧ લાભાર્થીઓને ૧કરોડથી વધુનો લાભનું વિતરણ કરવામાંઆવ્યુ. આપ્રસંગેજિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતિબેન મકવાણા, નગરપાલીકાના પ્રમુખ કૃપાબેન આચાર્ય, કલેક્ટર અરવિંદ વિજયન, અધિક નિવાસી કલેક્ટર પ્રદિપસિંહ રાઠોડ, હુઈઢછ નિયામક આર. કે.મકવાણા, મહિલા અને બાળ ચેરમેન સેજલબેન દેસાઈ, સંગઠનના હોદ્દેદારો દશરથભાઈ ઠાકોર, નંદાજી ઠાકોર, ભાવેશભાઈ, વિક્રમભાઈ, જશુભાઈ,શંભુભાઈ, મુનીષભાઈ, અબુભાઈઠાકોર અને મોટી સંખ્યામાંલાભાર્થીઓ હાજર રહ્યા હતા

સાણંદ ખાતે પાક ફેરબદલ કાર્યક્રમ અંતર્ગત પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો

ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

ખેડૂતોને બાગાયત ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાઓના મંજૂરી પત્ર અને કિટ વિતરણ કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

જિલ્લા વિકાસઅધિકારી શ્રી એમ. કે.દવેના માર્ગદર્શન હેઠળ સાણંદ નગરપાલિકા ખાતે ધારાસભ્યશ્રી કનુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ તેમજ બાગાયત ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાઓના મંજૂરી પત્ર અને કિટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ખેડૂતોને ખેતીવાડી બાગાયત યોજનાના મંજૂરીપત્રો સહિત શાકભાજી કિટ એનાયત કરવામાં આવી હતી. પરિસંવાદ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા ખેતીવાડી બાગાયત વિભાગની વિવિધ સહાયલક્ષી યોજના વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સંસદીય મતવિસ્તારમાં ક્રોપ પેટર્ન ચેન્જ (પાક ફેરબદલ) કાર્યક્રમ અને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ અંગે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડીને વધુ ને વધુ ખેડૂતોને બાગાયત ખેતીવાડી સાથે જોડવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચેરમેન શ્રી કારોબારી સમિતિ, સાણંદ, તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી સાણંદ, જિલ્લા પંચાયત સભ્યશ્રી, ચેખલા, મોડાસર, મોરૈયા, તાલુકા પંચાયત સભ્ય શ્રી,સ્થાનિકઆગેવાનો, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નવાગામના વૈજ્ઞાનિકશ્રીઓ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ બાગાયત નિયામકશ્રી અમદાવાદ, પ્રોજેકટ ડાયરેકટ આત્મા, બાગાયત - ખેતીવાડી સાણંદ ટીમ તેમજ બહોળી સંખ્યામાં સાણંદ ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાકૃતિક ખેતીમાં ગુજરાત આગામી બે વર્ષમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે હશે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ગુજરાતમાં ૬,૬૯,૦૦૦ ખેડુતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી : જૂનમાં; એક મહિનામાં જ ૧,૩૨,૦૦૦ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના અનુસંધાને ૪,૫૧૨ ગ્રામ પંચાયતોમાં ૭૫ થી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં વધુને વધુખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે. જૂન-૨૦૨૩ માં; એક મહિનામાં જ વધુ ૧,૩૨,૦૦૦ ખેડૂતોપ્રાકૃતિકખેતી કરતાથયા છે. ગુજરાતમાં હવે ૬,૬૯,૦૦૦ ખેડુતો પ્રાકૃતિક ખેતીકરી રહ્યા છે. રાજ્યપાલ શ્રીઆચાર્ય દેવવ્રતજીએ પ્રસન્નતા વ્યકત કરતાં કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જીવન પ્રદાન કરનારી પદ્ધતિ છે. આ પદ્ધતિથી ખેડૂતો સાવ ઓછા ખર્ચમાં સ્વાસ્થ્યપ્રદ અને વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે, જે પ્રત્યક્ષ પ્રમાણ છે. અન્યખેડૂતો આપ્રત્યક્ષ પ્રમાણ જોઈને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવીરહ્યા છે. ગુજરાતમાં આ ક્ષેત્રે સમર્પિત ભાવથી કામગીરી થઈ રહી છે. આ જ રીતે આપણે આગળ વધતા રહીશું તો ગુજરાત આગામી બે વર્ષમાં પ્રાકૃતિક ખેતીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે હશે એમાંબે મતનથી. પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીપ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધે એ માટે સતત પૃચ્છા કરીને માર્ગદર્શનઆપતારહે છે. ગુજરાતમાં દરેક ગામમાં ઓછામાં ઓછા ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એવા પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના અનુસંધાને આજે ગુજરાતની ૪,૫૧૨ ગ્રામ પંચાયતોમાં ૭૫ થી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીપદ્ધતિ અપનાવી છે. ૩,૫૬૮ ગ્રામ પંચાયતોમાં ૫૦થી વધુઅને ૩,૭૮૯ગ્રામપંચાયતોમાં ૨૫ થી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતાથયા છે. આજે ગાંધીનગરમાં રાજભવનમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે યોજાયેલી રાજ્ય કક્ષાની સમીક્ષા બેઠકમાં ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી પદ્ધતિના ચુસ્ત હિમાયતી અને અભ્યાસુ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અનુરોધથી તા. ૧લી મે, ૨૦૨૩ થીરાજ્યભરમાં ૧૦-૧૦ ગામોના ક્લસ્ટર્સમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ પદ્ધતિ અત્યંત સફળ થઈ છે. એપ્રિલ, મે અને જૂન-૨૦૨૩ ના ત્રણ મહિનામાં જ રાજ્યમાં બીપરજોય વાવાઝોડાની સ્થિતિ છતાં ૯,૨૭,૦૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનીતાલીમ આપવામાં આવી છે. ત્રણ વર્ષમાં ગુજરાતમાં કુલ ૨૧,૬૩,૦૦૦ ખેડુતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપવામાંઆવીછે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએખરીફ પાકની આ સિઝનમાં રાસાયણિક ખાતરનોઉપયોગઓછોથાય એવા પ્રયત્નો કરવાકૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓને અનુરોધકર્યો હતો. જિલ્લાઓમાં કલેકટર્સઅને જિલ્લા વિકાસ અધિકારીઓને તાલીમ કાર્યક્રમો વધુ ફળદાયી બને એવા પ્રયત્નો કરવા તેમણે કહ્યું હતું. પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવામાં જે ખેડૂત કે કર્મચારી પ્રશંસનીય કામગીરી કરેતેનું જાહેર સન્માન કરવાપણ તેમણે કહ્યુંહતું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરનીબહાર 'આપણું ગુજરાત-પ્રાકૃતિક ગુજરાત' એવાં સૂત્ર સાથે અન્ય ખેડૂતોને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે એ પ્રકારે માહિતી બોર્ડ મુકવાઅને પ્રાકૃતિકખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદન માટે સરળતાથી પ્રમાણપત્ર મળી રહે એવું આયોજન કરવા તેમણે માર્ગદર્શન આપ્યુંહતું. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિદ્યાપીઠ હસ્તકના રાંધેજા-ગાંધીનગર, દેથલી-ખેડા અને અંભેટી-વલસાડ કૃષિવિજ્ઞાન કેન્દ્રો પ્રાકૃતિક ખેતી માટે આદર્શ તાલીમ કેન્દ્રો બને એ માટે અનુરોધ કર્યો હતો. જૂન-૨૦૨૩ સુધીમાં ૧,૧૯૪ ખેડૂતોને આ ત્રણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો મારફતે તાલીમ આપીને માસ્ટર ટ્રેનર બનાવવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યારે ૧,૪૬૬ કલસ્ટર્સ બનાવીને ૧૪,૪૮૫ ગામોમાં ૧,૪૬૬ ટેકનિકલ માસ્ટર ટ્રેનર્સ અને ૧,૩૬૬ માસ્ટર ટ્રેનર ખેડૂતોઅન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી રહ્યા છે. આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનાઅધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી રાજેશમાંજુ, 'આત્મા'ના ખાસ ફરજ પરના અધિકારી શ્રી દિનેશ પટેલ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડી. એચ. શાહ, કૃષિ નિયામક શ્રી એસ. જે. સોલંકી, 'આત્મા'ના નિયામક શ્રી પ્રકાશ રબારી, ગુજરાત પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. સી. કે. ટીંબડીયા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિયામકો, પ્રાકૃતિક કૃષિના સંયોજક મહાત્માશ્રી પ્રફુલભાઈ સેંજલીયા, તજજ્ઞ શ્રી ડૉ. રમેશભાઈ સાવલિયા, શ્રી દીક્ષિતભાઈ પટેલ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

દેશના તમામ વર્ગને ઓછાખર્ચે નાણાકીય સુવિધાઓ પહોચાડવા અને નાણાકીય ઉત્પાદનો તથા સેવાઓ સમયસર પહોંચાડવાના હેતુથી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી જન ધન યોજના (સ્તહ્રુરૂ) નીશરૂઆત કરવામાંઆવીહતી. જે અંતર્ગત વડોદરા જિલ્લામાં ૭.૪૪ લાખ લોકોના જન ધન બેંક ખાતામાં રૂ. ૪૩૧.૮૨ કરોડ જમા કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જનધન યોજનાનો મુખ્ય ઉદ્દેશ બિન બેંકિંગ વસ્તીને મૂળભૂત બેંકિંગ સેવાઓ, નાણાકીય સાક્ષરતા અને નાણાકીય ઉત્પાદનો પ્રદાન કરીને વ્યાપક પ્રમાણમાંનાણાકીય સમાવેશ સુનિશ્ચિત કરવાનો છે. જે અંતર્ગત વડોદરા શહેર -જિલ્લામાં લાખો લોકો ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર નો લાભ લેતા થાય છે. વડોદરા જિલ્લાની વાત કરીએ તો આ યોજના અંતર્ગત અત્યાર સુધીકુલ ૭,૪૪,૨૭૦જન ધન બેંક ખાતાખોલવામાં આવ્યા છે. નાણાકીય સેવાઓની વાતકરીએ તો કુલ રૂ.૪૩૧.૮૨ કરોડ રૂપિયા જમા થયા છે. જે પૈકી કુલ જન ધન બેંક ખાતાના ૮૨.૧ ટકા ખાતાને આધાર કાર્ડસાથે લિંક પણ કરવામાં આવ્યાછે. તદુપરાંત કુલ ખાતાઓ પૈકી ૫૭,૭૪૫ જેટલાઝીરો બેલેન્સએકાઉન્ટ અને ૫,૫૯,૧૪૧ લોકોને રૂ-પે કાર્ડનો લાભ લોકો લઈ રહ્યા છે. બેંક ખાતા સહિત નવા જન ધન બેંક ખાતા ધારકોને રૂ. ૨ લાખનું અકસ્માત વીમા કવર અને રૂ. ૩૦,૦૦૦ નું જીવન વીમા કવર ની સુવિધા આપવામાં આવી રહી છે. વધુમાં, પાત્રતા ધરાવતા જન ધન બેંક ખાતા ધારકો માટે રૂ. ૧૦,૦૦૦ નીઓવરડ્રાફ્ટ નીસુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાઆવી છે. જન ધન બેંક ખાતાની વિશેષતાએ પણછે કે ખાતામાં લઘુત્તમ બેલેન્સ જાળવવાની કોઈ આવશ્યકતા રહેતીનથી. દરેક વ્યક્તિ નાણાકીય વ્યવસ્થાનો લાભ લે અને ભાગ બને તે હેતુથી જન ધન રક્ષક મોબાઈલએપ્લિકેશન કાર્યરત છે. આ એપ્લિકેશન દ્વારા નાગરિક દેશમાં બેંક શાખાઓ, એટીએમ, બેંક મિત્ર, પોસ્ટ ઓફિસ જેવા બેંકિંગ ટચ પોઈન્ટ શોધવામાં મદદરૂપ બની રહી છે. આ યોજનામાં જન કેન્દ્રિત આર્થિક પહેલ થકી આજે પાયાનીનાણાકીય સેવાઓ આપવામાંખુબજ મહત્વની ભૂમિકા ભજવી રહી છે.વાત કોવિડ-૧૯ની નાણાકીય સહાયની હોય કે પછીપી.એમ. કિસાન, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ વેતન અને જીવન અને આરોગ્ય વીમા કવચની. આ તમામ પહેલનું પ્રથમ પગલુંદરેક પુખ્ત નાગરિકને જન ધન બેંક ખાતુ પ્રદાન કરવાનું છે. જેઅન્વયે આજે કરોડો જનધન બેંક ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર થકી નાણાકીય સેવાઓ લોકો સુધી પહોંચાડવામાંઆવી રહીછે. જનધન યોજના લોકોને તેમની બચતને ઔપચારિક નાણાકીયવ્યવસ્થામાં લાવવા માટે તથાઅન્ય સ્થળેનાણાંના હસ્તાંતરણને સુલભ બનાવીરહ્યું છે.આજે સરકારી નાણાકીય સુવિધાઓના લાભો પણ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર દ્વારામોકલવામાં આવે છે. જેના કારણે દરેક રૂપિયો તેનાલક્ષિત લાભાર્થી સુધીપહોંચે છે અને પ્રણાલીગતલીકેજને અટકાવવામાંસફળતા મેળવી રહીછે. આયોજના, નાણાકીય સમાવેશની ઝુંબેશના ભાગ રૂપેએક જ સપ્તાહમાં સૌથી વધુબેંક ખાતા ખોલીને કેન્દ્ર સરકારના નાણાકીય સેવા વિભાગ ગિનીસ વર્લ્ડરેકોર્ડમાં સ્થાન મેળવ્યુ છે. ત્યારે બેંક ખાતા વિના ના ને બેંક ખાતુ, અસુરક્ષિત ને સુરક્ષા અનેનાણાકીય સુવિધાવગરના ને સુવિધાઓ પૂરી પાડીને દેશના તમામ નાગરિકો નો નાણાકીય સમાવેશ કરવામાં નવા આયામો સર કરવામાંકોઈ કસર નહિ છોડશે નહી

તાપી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષની ઉજવણી નિમિત્તે વાનગી સ્પર્ધા યોજાઈ

કમલમ્ ન્યુઝ,તાપી

ભારતની પરંપરાગત ખેત પેદાશો (શ્રી અન્ન) ની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સવર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેને અનુસંધાને આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા વ્યારા સેજામાં આંગણવાડી કેંદ્રવ્યારા-૯, છીંડીયા સેજામાં આંગણવાડીકેંદ્ર પાનવાડી-૨, માયપુર સેજા માં આંગણવાડી કેંદ્ર બોરખડી-૧, અને લખાલી સેજામાં આંગણવાડી કેંદ્ર લખાલી-૧ ખાતે આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષની ઉજવણી નિમિત્તે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આંગણવાડીવર્કરબહેનો દ્વારા મિલેટ્સમાથી અલગ અલગ વાનગીઓ બનાવી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સી.ડી.પી.ઓ.શ્રી, મુખ્ય સેવિકા, શાળાના શિક્ષક , સરપંચશ્રી, આરોગ્ય સ્ટાફ,જિલ્લા પંચાયતના સભ્યશ્રી હાજર રહ્યા હતા. નાગલી(રાગી), કોદરા, કાંગ, જુવાર, રાગી, બાજરી, સામો, જેવા તૃણ ધાન્ય પાકોની ખેતી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આજે રાસાયણિક ખાતરોના વધુપડતાં ઉપયોગને લીધે સમાજમાં કેન્સર અને શ્વાસ સંબંધિત રોગો અને કગણા વધ્યા છે.

આપણી આવનારી પેઢીને સારું અને સ્વાસ્થ્યપ્રદ જીવન આપવા માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ. આજના ફાસ્ટ યુગમાં જંક ફૂડ અને આધુનિક જીવનશૈલીના કારણે ડાયાબિટીસ અને હૃદયરોગના દર્દીઓ અનેકગણા વધ્યા છે. તૃણ ધાન્ય કે બર છટ પાકો ફાઈબર, સ્ટાર્ચ, પ્રોટીન અને પોષક તત્વોથી ભરપૂર હોય છે. આવા ધાન્યો કોલેસ્ટેરોલ ઘટાડે છે, કબજિયાતથી બચાવે છે સ્નાયુઓના સમારકામમાં, લોહીની રચનામાં, હાડકાની રચનામાં, અને ત્વચાની તંદુરસ્તી સુધારે છે.

પ્રાથમિક શિક્ષણ માં ના બાળકો ને અંગ્રેજી હિન્દી ભાષા સરળ રીતે શીખી શકે તેવા પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

સૂરત શહેર ની શાળાઓના ચાર હજાર થીવધુ બાળકોને અંગ્રેજી અને હિન્દી ભાષાસરળ રીતેશીખી શકે તે માટેશહેર ના હ્યુમન ડેલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારાપ્રયાસો થઈ રહ્યાછે. આજે રાંદેર ઝોન વિસ્તાર નીબીટ ચાર માં સૂરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ના ૪૪ બાળકો ને અંગ્રેજીઅને હિન્દીસરળતા થીશીખી શકાય તેવા પુસ્તક અર્પણ કરવામાં આવ્યા હતા ગુજરાતમાં આપ્રકારનું પહેલુંકાર્ય કે.પી. હ્યુમન દ્વારા ૧૦૫ દત્તક લેવામાં આવેલી શાળા ઓ માં સમિતિ અધ્યક્ષ શ્રી ધનેશ ભાઈ શાહ , ઉપાધ્યક્ષ સ્વાતી બહેન સોસા , રાંદેર ઝોન નિરીક્ષક રાગિણી બહેન દલાલ, નગર સેવક શ્રી કેયુર ભાઈ ચપટવાલા અનેવૈશાલીબહેન પટેલના શુભ હસ્તે કરવામાંઆવ્યું હતું.

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલ દવેએ સાણંદ તાલુકાના ચેખલા ગામે સખી મંડળના બહેનો સાથે કરી મુલાકાત

U20 સમીટના ચર્ચા સત્રોના ચાર વિષયો પૈકી એક "મહિલાઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા"ના હેતુને ચરિતાર્થ કરતો પ્રશંસનીય પ્રયાસ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં ચાલી રહેલી U20 સમીટના ચર્ચાસત્રોના ચાર વિષયો પૈકી એક "મહિલાઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા"નો છે. આ હેતુને ચરિતાર્થ કરતો પ્રશંસનીય પ્રયાસ અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે એ કર્યો છે. જાહેર વહીવટનો બહોળો અનુભવ ધરાવતા શ્રી મેહુલ દવે સમયાંતરે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા વિકાસ કાર્યોની સમીક્ષા કરતા રહે છે.આ જ શૃંખલામાંતેઓસાણંદ તાલુકાના ચેખલા ગામે પહોંચ્યા હતાં. જ્યાં ગામમાં ઉપલબ્ધ વિવિધ સરકારી સુવિધાઓ તેમજ નિર્માણ કાર્યોની સમીક્ષા કરી તેમણે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. ગ્રામજનોએ જિલ્લા વિકાસઅધિકારીશ્રીનું ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. તેઓશ્રીએ ચેખલાના ગ્રામજનો સાથે સંવાદ સાધી તેમના પ્રશ્નો પણ સાંભળ્યા હતા. આ ઉપરાંત તેમણે પોતાની આ મુલાકાતમાં સખી મંડળની બહેનો સાથે પણ પરામર્શ કર્યો. ચેખલા ગામમાં ચાલતા સખીમંડળના માધ્યમથી મહિલાઓ ઉનની હાથવણાટની વિવિધ વસ્તુઓ બનાવે છે. આ પ્રવૃત્તિને કારણેમહિલાઓ આર્થિક ઉપાર્જન તો કરી જ રહી છે. સાથોસાથ પરંતુ આત્મવિશ્વાસમાં વધારો થવાની સાથે તેમને પગભર પણ બનાવે છે. તેઓશ્રીએ સખીમંડળની બહેનો સાથે આર્થિક પ્રવૃત્તિ બાબતે ચર્ચા કરી એટલું જ નહીં બહેનો દ્વારા હાથવણાટથી બનાવાયેલા ઊનના રૂમાલની ખરીદી કરી અને બહેનોને વધુ આર્થિક પ્રવૃત્તિ કરવા માટે પ્રેરીત કર્યા. ચેખલા ગામનાનાગરિકો પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના પ્રોત્સાહક અભિગમની પ્રશંસા કરતા જોવા મળ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે ચેખલા ગામે કુલ ૪૮ સખીમંડળો કાર્યરત છે. જેમાં ૫૧૦થી વધુ મહિલાઓ જોડાયેલા છે. આ મહિલાઓસરકાર શ્રી ની વિવિધ યોજનાઓ અંતર્ગત મળતા ધિરાણનો ઉપયોગકરીને ચોખાના પાપડ, તોરણ, હાથ વણાટની વિવિધ વસ્તુઓ, કટલરી સ્ટોર સહિતની આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાઈ છે. શ્રી મેહુલ દવેની મુલાકાત વેળાએ સાણંદ તાલુકા વિકાસ અધિકારી સુશ્રી સપના રાજપૂત, ચેખલાના સરપંચશ્રી સહિત વિવિધ વિભાગના પ્રતિનિધિઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ન્યુઝ,રાકેશ વાળા

સોના લેબોરેટરી વાલા પંકજભાઈ ના સુપુત્ર પંચમ શાહ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટન્સી ની ખુબજ પ્રતિષ્ઠિત અને આકરી પરીક્ષા માં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. CA પંચમભાઈ ને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા બદલ કમલમ પરિવાર તરફથી અભિનંદન અને શુભેચ્છા.

સવગઢમાં મિલેટવર્ષ અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ

કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ હિંમતનગર

ગુજરાત સરકારના કમિશનર શ્રીમહિલા અને બાળ વિભાગની કચેરી,ગાંધીનગર નાપરિપત્રને ધ્યાને લઈ તારીખ૦૬/૦૭/૨૦૨૩ ના રોજ સાબરકાંઠા જિલ્લાના સવગઢ (પાણપુર) ખાતે હિંમતનગર આઈ સી ડી એસ કચેરીના તાબા ના દેરોલ સેજાની આંગણવાડીઓની વાનગી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. સીડીપીઓ ઘટક-૧ ના સીડીપીઓ શ્રીમતી પન્નાબેન સંઘવી ની ઉપસ્થિતિમાં યોજાયેલ વાનગી સ્પર્ધામાં પાણપુર સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય પ્રજાપતિ, દેરોલ સેજા ના સુપરવાઈઝર શિલ્પાબેન સહિતદેરોલ સેજા ની આંગણવાડીકાર્યકર બહેનો એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો. આ તબક્કે ગામના આગેવાનો પણ હાજર રહી કાર્યક્રમમાંપ્રોત્સાહન પૂરું પાડ્યું.

વલસાડમાં શ્રી સરદાર લેઉવા પટેલ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણની ભાવના – એક પરિવાર એક વૃક્ષના જતનનો સંદેશો

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ ખાતે શ્રી સરદાર લેઉવાપટેલ સમાજ દ્વારા ધરમપુર રોડ વલસાડ સ્થિત કડવા પટેલ સમાજની વાડીમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ, રકતદાન કેમ્પતેમજ વૃક્ષારોપણનો ત્રિવેણી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓના સન્માનની સાથે સાથે એક પરિવારએક વૃક્ષનુંવાવેતર કરી તેનાજતન કરવાની જવાબદારીના શપથ લેવડાવાયા હતા.

વલસાડ બ્લડ બેંક દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં સમાજના ૩૩જેટલાવ્યક્તિઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનું લોહી અન્ય વ્યક્તિને મુશ્કેલીમાં કામ આવેતેવા શુભઆશયથી રકતદાન કર્યું હતું.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા જિલ્લા પંચાયત વલસાડના ચીટનીશ મહેશભાઈ વિરાણીએ વિદ્યાર્થીઓ આગળ ભણી ઉચ્ચ શિખરે પહોંચે તેવા શુભાષિશ પાઠવ્યા હતાઅને જણાવ્યુંહતું કે, વ્યસન થકીમનુષ્ય પાંગળોબને છે, તેથી વ્યસનથીદૂર રહીઆ બદીને સમાજમાંથી દુર કરવા અનુરોધ કર્યોહતો. તેમણે ઉમેર્યું કે, મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે જીવનમાં દૃઢ વિચારની સાથે મહેનત કરવાથી કોઈપણ કામ કપરૂં નથી. આ પ્રસંગે ઉપસ્થિત દાતઓ અને આમંત્રિત મહેમાનોનું વૃક્ષ આપી સન્માન કરવામાંઆવ્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા વિજયભાઈ ઠુંમર, નિકુંજ ભાઈ ક્યાડા, જીતભાઈ રંગાણી, ભદ્રેશ સુદાણી, ઋષિક વઘાસીયા, હર્ષદભાઈ રતનપરા, નલેશ વોરાએ જહેમત ઉઠાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ વાસડીયાએ અને આભારવિધિ નિકુંજભાઈ કયાડાએ કરીહતી.

"ધ પાવર ઓફ હેબિટસ" વિષય પર સેમીનાર આયોજન

કમલમ્ન્યુઝ,રાકેશ વાળા

વિદ્યા ભારતી ટ્રસ્ટ દ્વારા **BBA** તથા **BCA** કોલેજના પહેલાવર્ષનાં નવાવિદ્યાર્થીઓ માટે ''ધ પાવર ઓફ હેબિટસ" વિષય પર સેમીનાર આયોજન કરવામાં આવ્યો. ઈસ્કોન મંદિર વડોદરા થી પધારેલાશ્રીમાન કેશવ શ્યામસુંદર દાસદ્વારા પાવર પોઈન્ટ પ્રેસેંટેશન, બોધક કથા અને વ્યાવહારિક ટિપ્સ દ્વારા વિષયને વિદ્યાર્થીઓને કોલેજ દરમિયાન અને ત્યારબાદના જીવનમાંપણ કઈ રીતે ઉપયોગી છે એ બાબત સમજાવવામાં આવે. ઘણા બધા વિદ્યાર્થીઓના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવ્યુ. દરેક વિદ્યાર્થીઓને લગભગ ૫૦૦ ધમેસેજ ટુ યુથ ઓફ ઈન્ડિયા અને રસરાજ કૃષ્ણ પુસ્તકો ભેટ આપવામાં આવી.

વધુમાંતેમની સાથે આવેલા રશિયા સાયબેરીયા અને કજાકસ્તાનના ભક્તો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યાહતા. એમણે હરે કૃષ્ણ હરે રામની ધૂન થી સૌને જુમતા કરી દીધા હતા. અંતમાં પ્રિન્સિપલશ્રી સનેહલભાઈ મિસ્ત્રી અને વાઈસ પ્રિન્સિપલ શ્રીમતી પાયલ બેન દ્વારા સર્વ ઉપસ્થિત મહાનુભવોને ગિફ્ટ આપી અભિવાદન કરવામાં આવ્યું. રશિયા થી આવેલા ભકતો ત્રણ દિવસ રામજી મંદિર બારડોલી ખાતે રોકાનાર છે. સૌ બારડોલી વાસીઓને એમનો સંગપ્રાપ્ત કરવા હાર્દિક આમંત્રણ છે.

વડોદરાની એન્ટી પ્લાસ્ટિક ગર્લ રાજેશ્વરી સિંહે ભાવિ પેઢીઓ માટે ટકાઉ વિશ્વ બનાવવાનું પોતાનું મિશન ચાલુ રાખ્યું છે.

ઈકો ફ્રેન્ડલી અને ટકાઉ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે પ્રથમ ઓર્ગેનિક અને ઝીરો પ્લાસ્ટિક ઈ-કોમર્સ વેબસાઈટ લોન્ચ કરી

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે Y 20 સમિટ માટે G 20 પ્રતિનિધિઓ માટે ડિઝાઇન કરાયેલ ટકાઉ હેમ્પર્સ પણ આવ્યા હતા

કમલમ્ ન્યુઝ,

વડોદરાનીપ્લાસ્ટિક વિરોધી ગર્લ રાજેશ્વરી સિંહ ભવિષ્યની પેઢીઓ માટે ટકાઉ વિશ્વ બનાવવાનું તેમનું મિશન ચાલુ રાખે છે. પર્યાવરણને પ્રદૂષિત કરતા પ્લાસ્ટિકના ઉપયોગ સામે જાગૃતિ લાવવા માટે તેણી વર્ષોથી નિમિત્ત બની રહી છે અને પ્લાસ્ટિકને વૈકલ્પિક આપવાનો પ્રયાસકરે છે. તેણી **zeroite.com** નામનું ઈકોમર્સ માર્કેટપ્લેસ પણ ચલાવે છે, જે તેનાવિચારને પ્રમોટ કરવા માટે એક પ્રકારની અનન્ય પહેલ છે. અહીં ખરીદદારો કોઈપણ જગ્યાએથી ટકાઉ પ્લાસ્ટિક મુક્ત ઉત્પાદનોનો ઓર્ડર આપી શકે છે અને પ્લાસ્ટિક અથવા પર્યાવરણ માટે જોખમી સાબિત થતી કોઈપણ વસ્તુનો ઉપયોગ કર્યા વિના પર્યાવરણને અનુકૂળ બેગ અને પેકિંગમાં તેને ડિલિવરી કરીશકે છે. તેણીના શાળાના દિવસોથી, રાજેશ્વરી સ્વભાવ તરફ ઝુકાવતી હતી કારણ કે તે તેના અભ્યાસનો એક ભાગ છે. જેમ જેમ તેણીએ પ્લાસ્ટીક મુકત સમાજ માટે તેણીની ઝુંબેશ શરૂ કરી, તે જ શિક્ષણ અને મૂલ્યો ભવિષ્યની પેઢીઓ માટે ટકાઉ વાતાવરણ બનાવવા માટે તેણીનો આધાર બન્યા. તેણીએ અનુસરવા માટે અન્યલોકો સમક્ષપોતાનું ઉદાહરણ સ્થાપિત કર્યું અને પ્લાસ્ટિક મુક્ત વિશ્વના સામાન્ય ધ્યેય સાથે તેને નવા નવીન વિચારો સાથે ચાલુ રાખ્યું. વડોદરાથી દિલ્હી સુધીની ૧૩૦૦કિલોમીટરની પદયાત્રાએ આ મહત્વપૂર્ણ મુદ્દાને ઉકેલવા માટે તેણીનો નિર્ધાર દર્શાવ્યો હતો. વોક એ શરૂઆતમાં અંદરની પીડા અને નકારાત્મકતાને બહાર ફેંકી દેવાનો વિચાર હતોપરંતુ તેણી એક કારણ સાથે જોડાઈ જે પાછળથી તેણીનો જીવનનો જુસ્સો બની ગયો. "હું વડોદરામાં જન્મ્યો છું અને મારી પ્રારંભિક શાળા માઉન્ટ આબુથી પૂર્ણ કરી છે. ત્યાં મારા કાર્યકાળ દરમિયાન અમને પ્રકૃતિની અનુભૂતિ અને પૂજા કરવાનું શીખવવામાં આવ્યુ હતુ અને ત્યારથીમારી અને પર્યાવરણ વચ્ચે જોડાણ છે. મારી દિલ્હીની પ્રથમ વોક પ્લાસ્ટિકને હરાવવાઅને અન્ય લોકોને તેમાં જોડાવા માટે જાગૃત કરવાનામારા મિશનનોએક ભાગ હતો.શરૂઆતમાંહું મારા જીવનમાં જે પીડા અને નકારાત્મકતામાંથી પસાર થઈ રહ્યો છું તેને દૂર કરવા માટે ચાલવાનું હતુ અને પછીથી મેં તેને એક કારણ સાથે જોડવાનું વિચાર્યું. ત્યારથીતે એક જુસ્સો બની ગયો છે અને ત્યાંથી હુ પ્લાસ્ટિક મુક્ત સમાજ બનાવવા માટે મારા અનન્ય ખ્યાલો સાથે સક્રિય પણે કામ કરીરહી છું'' રાજેશ્વરી સિંહે કહ્યું. રાજેશ્વરીએ તેના પ્લાસ્ટિક મુક્ત અભિયાનનીશરૂઆત દિલ્હી સુધી ૧૩૦૦ કિલોમીટરની પદયાત્રાસાથે કરીહતી જેતેણે ૪૫ દિવસમાં પૂર્ણ કરી મુખ્ય શહેરોને આવરી લીધા હતા અને લોકોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા અંગે જાગૃતિ ફેલાવી હતી. ૫મી જૂન ૨૦૧૮ના રોજ યુનાઈટેડ નેશન્સવિશ્વ પર્યાવરણ દિવસ સાથે 'માય વેસ્ટમાય રિસ્પોન્સિબિલિટી' થીમ સાથેતેની જાગૃતિનીચાલ. આ કાર્યક્રમને ગુજરાત ટુરીઝમ અને યુએન એન્વાયર્નમેન્ટ દ્વારા ટેકો મળ્યો હતો. ૧લી જૂન ૨૦૧૯ના રોજ એન્ટિગુઆ અને બાર્બુડામાં આયોજિત 'પ્લે ઈટ આઉટ', પ્લાસ્ટિક પ્રદૂષણ સામેના ફેસ્ટિવલમાં હાજરી આપવા માટે પણ તેણીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ફેસ્ટિવલ પ્લાસ્ટિક પ્રદૂષણ વિશે જુસ્સાદાર અને પુરાવા આધારિત અરજીઓ કરવા માટે નેતાઓ અને સેલિબ્રિટીઓની મજબૂત લાઈન બનાવવાનો પ્રયાસ કરે છે.. રાજેશ્વરી છેલ્લા ૧૦ વર્ષથી કોઈપણ પ્રકારના પ્લાસ્ટિકનો ઉપયોગ કરી રહી નથીઅને લોકોમાં તે જ જાગૃતિ ફેલાવવા માંગે છે. તેણીએ સૌપ્રથમ 'આઈ ઈન્ડિયા'ની સ્થાપના કરી અને પછી કલા, સંસ્કૃતિ, ભારતની ધરોહર, પર્યાવરણીય મુદ્દાઓ, હરિયાળી જગ્યાઓ, પર્યાવરણીય સંદેશ આપતી રમતો અને મહિલા સશકિતકરણને પ્રોત્સાહન આપવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે 'કારવાં વર્ગો' શરૂ કર્યા. તેણીએ સીપીસીબી, દમણ મ્યુનિસિપલ કાઉન્સિલ અને અન્ય સંગઠનો સાથે હાથ મિલાવીને દમણના દેવકા દરિયા કિનારાને સાફ કરવાનું મુશ્કેલ કાર્ય પણ ઉપાડ્યું હતું. **Zeroite (zeroite.com)** એ એક એવું પ્લેટફોર્મ છે કે જેનાથી તે વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચવાનું શરૂ કરે છે અને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવાનો સંદેશ અસરકારક રીતે ફેલાવે છે. "આ ઈકો-ફ્રેન્ડલી ઈ-કોમર્સ વેબસાઈટ સાથે અમે ઓર્ગેનિક પ્રોડક્ટ્સ, પેરાબિન-ફ્રી, કેમિકલ-ફ્રી પ્રોડક્ટ્સ અને ખાદ્યપદાર્થો વેચીએ છીએ. **zeroite.com** દ્વારા અમે ખેડૂતો, નાના ઉદ્યોગો અને ખાસ કરીને મહિલા કારીગરોને એક પ્લેટફોર્મ આપવા અને તેમના પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો લોકો સુધી પહોંચવામાં મદદ કરવાના ઉદ્દેશ્ય સાથે જોડવાનોપ્રયાસ કરીએ છીએ. અમે એક ટકાઉ વાતાવરણ બનાવવાનોપ્રયાસ કરીએ છીએ જે સમયની જરૂરિયાત છે," રાજેશ્વરીએ કહ્યું. રાજેશ્વરી સિંહે ફેબ્રુઆરી ૨૦૨૩ માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે રૂ ૨૦ સમિટ માટે આવેલા ય ૨૦પ્રતિનિધિઓ માટે ટકાઉ હેમ્પર્સ પણ ડિઝાઈન કર્યા હતા અને પ્લાસ્ટિકના ઉપયોગઅને પર્યાવરણ પરની અસર વિશે વક્તા તરીકે તેમના મંતવ્યોપણ રજૂ કર્યા હતા.

જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને નશામુકત અભિયાનની કમિટીની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાનની કમિટીની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં આગામી માસથી શરૂ થનાર કાર્યક્રમ અને અભિયાન અંતર્ગતની વિવિધ પ્રવૃત્તિઓ વિશેનો એક્શન પ્લાન રજૂ કરાયો હતો. જેને મંજૂરી આપી કલેકટરશ્રીએ સોશિયલ મીડિયા દ્વારા પણ નશામુક્તિ અભિયાનચલાવવા પરભાર મૂક્યો હતો. રાજકોટ જિલ્લામાં વિવિધ સંસ્થાઓના સહયોગથી ૧૧૦ જેટલા સ્વયંસેવકો અભિયાન માટે નિમણૂક પામેલ છે. કલેક્ટરશ્રીએ સ્વયંસેવકોને અદ્યતન તાલીમ આપવા તેમજ નશામુક્ત થનાર લોકોની સફળતાને પ્રસિધ્ધ કરવા અને જિલ્લામાં ચાલતા સપોર્ટ ગૃપ વિશે વધુ પ્રચાર કરવા સૂચન કર્યું હતું. બેઠકમાં જિલ્લાસમાજ સુરક્ષા કચેરીદ્વારા જણાવવામાંઆવ્યું હતું કે, નશા મુક્તિઅભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ખાસ ફરતા રથ દ્વારા લોકોને નશાથી થતા નુકસાન વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. સાથે જ ગ્રામ્ય કક્ષાએ કઠપૂતળીના ખેલ દેખાડીને અને અન્ય કાર્યક્રમ દ્વારા લોકોને નશાથી દૂર રહેવા માટે સમજાવવામાં આવ્યા છે. હાલ ભારત સરકારના સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગ તથા બ્રહ્માકુમારી સંસ્થાદ્વારા નશામુક્ત ભારત અભિયાનઅંતર્ગત જોડાણ સાથે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે બ્રહ્માકુમારી અંજુબહેનએ જણાવ્યુંહતું કે,છેલ્લા ૪૧ દિવસમાં ૩૬૭ શાળાઓમાં અભિયાન ચલાવી ૭૮૦૦૦ જેટલા બાળકોને જાગૃત કરવામાં આવ્યા છે.રાજકોટ જિલ્લામાં આ માટે ખાસ ૨૦ કેન્દ્રો પણ ચાલે છે અને આગામી સમયમાં કારખાના ફેક્ટરીમાં કામ કરતા શ્રમજીવી વર્ગને ખાસમળી તેના માટે કાર્યક્રમ ચલાવી તેમને વ્યસન મુક્ત કરવા માટે અભિયાન ચલાવવામાં આવશે. ૧૫ઓગસ્ટ રક્ષાબંધનના દિવસે પચાસહજારથી વધુ લોકોને નશામુકત થવાના દઢ સંકલ્પ કરાવવા માટેના પ્રયાસ હાથ ધરવામાંઆવશેતેમજ વ્યસનમુક્ત થયેલ લોકોનું સન્માન કરવામાં આવશે. આ બેઠકમાં ડીસીપી ક્રાઈમ શ્રી પાર્થરાજસિંહ ગોહિલ, ડી.એલ.એસ.એ. જજશ્રી, મહિલા અને બાળ કલ્યાણ અધિકારી શ્રી અવની દવે, એ.એસ.ડબલ્યુ શિવાલી લાબા, સમાજ સુરક્ષા અધિકારીશ્રી પ્રાર્થનાબેન શેરસીયા, શિક્ષણ, આરોગ્ય વગેરેના વિભાગના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

રાજકોટ વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીનાઅધ્યક્ષ સ્થાને નારી સંરક્ષણ ગૃહ રાજકોટ વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા મહિલાઅને બાળઅધિકારીશ્રી અવનીબેનદવેદ્વારાસદર યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની વિગત પૂરી પાડવામાં આવી હતી. જેની કલેકટરશ્રી દ્વારા સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ આશ્રિત બહેનોના સર્વાંગી વિકાસ થાય તેવી કામગીરી હાથ ધરવા માટે ઉપસ્થિત અધિકારીશ્રીઓને કામગીરી કરવા જણાવ્યું હતું. આ તકે કલેકટરશ્રીએ નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધીહતી. આશ્રિત બહેનો સાથે સીધો સંવાદ કરીને તેમને સાંભળ્યા હતા. તેમજ ઉપસ્થિત અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો પૂરા પડયા હતા. આ બેઠકમાં સિવિલ હોસ્પિટલ, સમાજ સુરક્ષા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ વિભાગ અને રોજગાર વિભાગ સહિત સંબંધિત વિભાગના અધિકારી શ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિતરહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

ગીર સોમનાથ જિલ્લાની પૂર્ણ સરકારીઆર્ટસ અનેકોમર્સ કોલેજ ૨૦૧૬ થી શ્રી બાઈ આશ્રમ, રમળેચી રોડ, તાલાલા ખાતે કાર્યરત છે. જેમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં બી.કોમ. અને બી.એ. સેમેસ્ટર-૧ માં પ્રવેશઅંગેનો દ્વિતીયરાઉન્ડશરુ છે. તોએડ્મીશન મેળવવા ઈચ્છતાવિદ્યાર્થીઓતાત્કાલિક કોલેજનો સંપર્ક (૦૨૮૭૭-૨૨૨૨૪૦) કરી આસુવર્ણ તકનોલાભ લેવાએક યાદીમાજણાવાયુ છે.

રાજયના જળસંપત્તિ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે નાની દાંતી-મોટી દાંતી ગામમાં રૂ. ૩૩ કરોડના ખર્ચે બનનારી ૧૪૯૦ મીટર લાંબી પ્રોટેકશન વોલના સ્થળનું નિરિક્ષાણ કર્યું

અમેરિકાના એન્જિનિયરે તૈયાર કરેલી ડિઝાઈનના આધારે ગોવા બાદ ગુજરાતમાં સૌ પ્રથમ વલસાડ ખાતે પાઈલ આધારિત પ્રોટેકશન વોલ બનશેઃ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

બંને ગામના ૮૯૦ ઘરોના ૧૩ હજાર લોકોને આવનારા ૫૦ વર્ષ સુધી દરિયાઈ ભરતીના પાણીથી મુક્તિ મળશે.

કમલમ્ ન્યુઝ,વલસાડ

સમુદ્ર કાંઠે આવેલા વલસાડ તાલુકાના નાની દાંતી- મોતી દાંતી ગામમાં દરિયાઈ ધોવાણ અટકાવવામાટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૩ કરોડ ૬૫ લાખના ખર્ચે ૧૪૯૦ મીટર (દોઢ કિમી) લાંબી પ્રોટેકશન વોલ અમેરિકાની કંપની દ્વારા તૈયાર કરાયેલી ડિઝાઈનના આધારે બનવાજઈ રહીછે. જેની કામગીરી પૂર્વેરાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના રાજ્યના કક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે તા. ૭ જુલાઈને શુક્રવારે સ્થળ નિરિક્ષણ કર્યું હતું. સાથે જ ગ્રામજનો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. વલસાડ તાલુકાનાસમુદ્ર કાંઠે અને અંબિકા નદીના મુખ પર આવેલા નાની દાંતી અને મોતી દાંતી ગામના ૮૯૦ ઘરોમાં અંદાજે ૧૩ હજાર લોકો વસવાટ કરે છે. ગામનો અંદાજિત ખેતીલાયક વિસ્તાર ૧૫૦ હેકટર છે. ગામનો મુખ્ય વ્યવસાય માછીમારી છે જેના પર સ્થાનિકોનું જીવન નભે છે. પરંતુ દરિયાઈ ભરતીઅને પવનની વધુ ગતિના કારણે ભરતી સમયે વધુ ઉંચાઈના મોજા કિનારની જમીન સાથે સતત ટકરાવાના કારણે કિનારાની જમીનનું સતત થતા લોકોનાઘર અનેજાનમાલને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. જેથી સીઆરઝેડની મંજૂરી મળ્યા બાદ રૂ. ૩૩૬૫.૦૭ લાખનું બજેટ મંજૂર કરવામાં આવ્યો છે. જેની કામગીરી શરૂ થાય તે પૂર્વે રાજયકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે શુક્રવારે બંનેગામોની મુલાકાત લઈ ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, દરિયાઈ ભરતીના પાણીને ગામમાંપ્રવેશતા અટકાવવામાટે ૨ થી ૩ ટનના પથ્થરોની પ્રોટેક્શન વોલબનાવવામાંઆવતીહતીપરંતુ થોડાસમય બાદભરતીના મોજાની થપાટનાકારણે પથ્થરો નીકળીજતા નીચેથી પાણી ગામમાં ધસી આવે છે.આવી પ્રોટેકશન વોલનું આયુષ્ય ૫ થી ૬ વર્ષ હોય છે જેથી તેને બનાવવાનો કોઈ અર્થરહેતો નથી. જેથી હવે ગુજરાતમાં પ્રથમવાર અમેરિકાના એન્જિનિયર દ્વારા તૈયાર કરાયેલીડિઝાઈનના આધારે પાઈલનો ઉપયોગ કરી ફેબ્રિક સીટના આગળ મોટા પથ્થરોનું આર્મર લેયર કરી પ્રોટેકશન વોલ બનાવાશે જેનું આયુષ્ય ૫૦ વર્ષ સુધી રહેશે જેથી આવનારી પેઢીને પણ મુશ્કેલી પડશે નહીં. ગોવા પછી નમૂનારૂપ પ્રોટેકશન વોલ ગુજરાતમાં પ્રથમવાર વલસાડના નાની દાંતી મોટી દાંતી ગામમાં બનશે. પ્રોટેકશન વોલની કામગીરી માટે માત્રપથ્થરો ભારતનાહશે એ સિવાય બાકી તમામ મટીરીયલ પણ અમેરિકાથી આવશે. જેથી મજબૂત કામ થશે કોઈને ભવિષ્યમાંપણ તકલીફ પડશે નહીં એ રીતે કામગીરી કરવામાં આવશે. આ દરમિયાન વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે ગ્રામજનોની ધીરજની પ્રસંશા કરી તેઓને ખાતરી આપતા જણાવ્યું કે, અમેરિકાની ડિઝાઈનના આધારે બનનારી પ્રોટેકશન વોલથી તમારી દરેક સમસ્યાનો અંત આવશે. આ પ્રોટેકશન વોલના કામમાટે હાલમાં રૂ. ૩૩૬૫.૦૭ લાખ મંજૂર થયા છે પરંતુ તેમ છતાં વધુનાણાંની પણ ફાળવણી થશે.

મંત્રીશ્રીએ સમુદ્ર કાંઠાનું નિરિક્ષણ કરી પ્રોટેકશન વોલ ક્યાંથી ક્યાં સુધી બનશે તેની જાણ માહિતી પણ વિસ્તારપૂર્વક અધિકારીઓ પાસેથી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લાકલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાની, દક્ષિણ વિભાગના નાયબ વન સંરક્ષક ઋષિરાજ પુવાર, દમણગંગા વર્તુળના અધિક્ષક ઈજનેર એસ.સી.પટેલ, કાર્યપાલક એન્જિનિયર એમ.એમ. ગાવિત, નાયબ કાર્યપાલક ઈજનેર એચ.કે.પટેલ, વલસાડ તાલુકામામલતદાર તેજલ પટેલ, ગામના સરપંચ અમ્રતભાઈ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બાળકોમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન: શેલા પ્રાથમિક શાળા અને રસમ ગામનાં આંગણવાડી કેન્દ્રમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેની અધ્યક્ષતામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫,૦૦૦ જેટલાં વૃક્ષો વાવવાના અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો

રસમ ગામની આંગણવાડીના પટાંગણમાં વાલીઓ દ્વારા જ ૭૫૦૦ જેટલાં વૃક્ષોના રોપાનું વાવેતર

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેની અધ્યક્ષતામાં અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની તમામ શાળાઓમાં અને આંગણવાડી કેન્દ્રોમાં ૭૫૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આઝાદીના અમૃતમહોત્સવ અંતર્ગત શરૂ કરવામાં આવેલા આવૃક્ષારોપણ અભિયાનનાભાગરૂપે બાવળાતાલુકાના રસમગામ ખાતે આવેલા આંગણવાડી કેન્દ્રના બાળકોના વાલીઓ દ્વારા પણ ૭૫૦૦ થી વધારે જેટલાં રોપા વાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત સાણંદ તાલુકાની શેલા પ્રાથમિક શાળાના પટાંગણમાંથી કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેએઆ પ્રસંગેખાસ ઉપસ્થિતિ દર્શાવી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા હાજર મહાનુભાવોના હસ્તે શેલા પ્રાથમિક શાળામાં બાળકોના કોડિંગના શિક્ષણને ધ્યાને રાખીને આધુનિક ટેકનોલોજીથી ભરપૂર નવીરોબોટિક લેબનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અવસર ફાઉન્ડેશનના સહયોગથીઆ રોબોટિક ક્લબ તૈયાર કરવામાંઆવી છે. બાળવા તાલુકાના રસમ ગામ ખાતેના આંગણવાડી કેન્દ્રના બાળકોના વાલીઓના હસ્તે કુલ ૭૫૦૦ જેટલાં રોપા વાવીને બાળકોના મનમાં શિક્ષણ સાથેસંસ્કારનું સિંચન થાય તેવાઆશયથી કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યું હતું. આપ્રકારનાં કાર્યક્રમોના કારણે નવીશિક્ષણ નીતિના ધ્યેયો સિદ્ધ કરી બાળક શિક્ષણ સાથે પર્યાવરણ તથા આસપાસના વાતાવરણમાંભળે તેવાઆશયથી જિલ્લાવિકાસઅધિકારીશ્રી મેહુલભાઈ દવેની અધ્યક્ષતામાંઆ કાર્યક્રમનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. જિલ્લા પંચાયતનાસદસ્ય વતીશ્રી સચિનભાઈઠાકોર, જિલ્લાપ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી રોહિતભાઈ ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી શ્રી તેજસભાઈ અમીન, શેલા ગામના સરપંચ શ્રી શેરબાનુ નવસાદ આલમ, સાણંદ એજ્યુકેશન ટીમ, અવસર ફાઉન્ડેશનની ટીમ, રસમ ગામનાઆંગણવાડી કેન્દ્રનાઆંગણવાડી કાર્યકર્તાઓ તથા બહેનો, આંગણવાડીમાંભણતા બાળકોતથા તેમના વાલીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યાહતા.

શેલા પ્રાથમિક શાળાના પટાંગણમાંથી કરવામાં આવ્યો વૃક્ષારોપણ અભિયાનનો શુભારંભ

ગૌરીવ્રત વિજેતા વિદ્યાર્થીનીઓને રાનકુવા હાઈસ્કુલમાં લાયન્સ કલબ દ્વારા ઈનામ અપાયા

કમલમન્યુઝ,મયુર પટેલ

બી. એલ. પટેલ સર્વ વિદ્યામંદિર રાનકુવામાં ૭૨૫ જેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે.અલૂણા વ્રતદરમિયાન શાળાની અંદર જુદી જુદી સ્પર્ધા જેવી કે મહેંદી સ્પર્ધા, સાડી પરિધાન સ્પર્ધા,કેશ ગૂંફન સ્પર્ધાઅને આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની શિક્ષિકાઓદ્વારા દરરોજ જુદીજુદી પ્રવૃત્તિઓની સ્પર્ધા કરવામાં આવી જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ પણ ખૂબ ઉત્સાહિત થઈને મોટી સંખ્યામાં ભાગીદાર બની અને વિદ્યાર્થીનીઓ માટે નવતર પદ્ધતિથી મૂલ્યાંકન યોજવામાં આવ્યું. શાળામાં કુલ ચાર પ્રવૃત્તિમાં ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. માધ્યમિક વિભાગમાં૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગલીધો એમાં પ્રથમ ત્રણ ક્રમ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો એમાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રમાણે કુલ ૨૬ વિદ્યાર્થીનીઓ ઈનામ મેળવવાને પાત્ર બની હતી. લાયન્સ કલબના પ્રમુખ આનંદીબેન વશીના વરદ હસ્તે આ વિદ્યાર્થીનીઓને લંચ બોક્સ અને આરતી શણગારમાં ભાગલેવાબદલ પ્રોત્સાહન ઈનામ તરીકે ૭ છોકરાઓને પણ વોટર બોટલ એનાયત કરવામાં આવી.ઉપયોગી ઈનામો પ્રાપ્ત થતા વિદ્યાર્થીઓમાં આનંદ અને ખુશીની લહેર છવાઈ હતી.ઈનામ વિતરણના પ્રમુખ સ્થાને આનંદીબેન વશી પ્રેસિડેન્ટ ઓફ લાયન્સ ક્લબ ઓફ સુરત સીટીલાઈટ દ્વારા છેલ્લાએક વર્ષમાં શાળાની પ્રગતિથી પોતે વાકેફ હોય ખૂબ આનંદિત થઈ જણાવ્યું કે અંતરિયાળ વિસ્તારની આ શાળાના વિદ્યાર્થીઓની પ્રતિભાથી હું ખૂબ જ પ્રભાવિત છું શાળાના બાળકોને વર્ષ દરમિયાન જે કંઈ પણ પ્રવૃત્તિ થશે તેના સંપૂર્ણ ઈનામ લાયન્સ ક્લબ તરફથી આપવામાં આવશે એવો નિર્ણય જાહેર કર્યો. જેને વિદ્યાર્થીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. આનંદીબેન એવધુમાંવિદ્યાર્થીઓને જણાવ્યું કેતમને મળેલીઆ તકને એક મજા સમજીને પ્રવૃત્તિમાં ભાગ લેશો તો તમારા જીવનમાં સતત ઉર્જાનો સંચાર થશે મહિલા સશક્તિકરણના આ સમયગાળામાં મહિલાઓએ વિશ્વભરમાં ખૂબ પ્રગતિ કરી છે આજની મહિલા અબળા નથી રહી પણ સબળા બનીને સમાજની સુરક્ષા કરીરહી છે, સમાજની સેવા કરી રહી છે, સમાજને આગળ લાવી રહી છે. અત્યારે વિશ્વની મહિલાઓ જે યોગદાન આપીરહે છે તેમનું સ્થાન લેવા માટે તમારે ભવિષ્યમાં તત્પર બનવાનું છે. સોશિયલ મીડિયાના જમાનામાં હવે દરેકના માટે બધા રસ્તા ખુલ્લા છે જે કંઈ પણ કરવું હોય એ આપણે કરીશકીએ છીએ માટે અદમ્ય ઈચ્છા રાખશો તો ધ્યેય સુધી પહોંચી શકાશે. સ્ત્રીઓના જીવન માં સંઘર્ષ લખાયેલા છે એને પાર કરનારી સ્ત્રીશક્તિ છે. મહેમાન તરીકે નીતિ નાયક, ધનસુખભાઈ શાહ અને હિરેનભાઈ હાજર રહ્યા હતા. આચાર્યશ્રી સંજય પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાનોને આવકાર આપી શાળાની તમામ પ્રવૃત્તિઓમાં આર્થિક યોગદાન આપવા માટે આભાર વ્યકત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વાતિબેન પાટીલ અને આભાર વિધિ જિજ્ઞાસાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

સાવલી - ડેસર તાલુકાની શાળા કોલેજોમાં ૪૨૫ થી વધુ વિદ્યાર્થીઓને કારકિર્દી તેમજ વિદેશમાં રોજગાર અંગે અપાયું માર્ગદર્શન

કમલમ્ ન્યુઝ,વડોદરા,

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી,વડોદરા દ્વારા સાવલી, ડેસર તાલુકાની વોકેશનલ તથા કેરિયરકોર્નર શાળા,કોલેજમાં કેરિયર ગાઈડન્સ ટોક અને સેમિનાર યોજાયો હતો.

સાવલીની શ્રી બી.કે. પટેલ આર્ટસ અને શ્રીમતી એલ.એમ.પટેલ કોમર્સ કોલેજ તેમજ સરકારી માધ્યમિક શાળા,તાડિયાપુરા તેમજ એમ.કે. હાઈસ્કૂલ, ડેસર ખાતે રોજગાર અધિકારીશ્રી અલ્પેશ એલ.ચૌહાણ તથાઈમ્પેક્ષ બીકાઉન્સિલર જીજ્ઞેશ વાઘેલા, ઓવર્સિસ કાઉન્સિલર નિશાંત જોશીએ રુબરુ મુલાકાત લઈ ૪૨૫ થી વધારે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને રોજગાર કચેરીની સેવાઓતેમજ વોકેશનલ કેરિયર તેમજ વિદેશમાં રોજગાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે મદદનીશ નિયામક (રોજગાર) કચેરી (મોડેલ કેરીઅર સેન્ટર)વડોદરા દ્વારા જિલ્લાના વિદ્યાર્થીઓ, ઉમેદવારોને કચેરી તેમજ શાળા, કોલેજ,આઈ.ટી.આઈ માં જઈને લશ્કરી ભરતી પૂર્વેની નિવાસી તાલીમ યોજના તેમજ વિદેશ ગમન માટે સેફ લીગલ માઈગ્રેશન, વોકેશનલ ગાઈડન્સ અને કેરિયર કોર્નર યોજનના સહિત અનુબંધમ રોજગારલક્ષી પોર્ટલ જેવી રોજગારલક્ષી કારકિર્દીને લગતી માહિતી સેમિનાર, ટોક દ્વારા આપવામાં આવીરહી છે.

‘અમને ફરીથી આવવુંગમશે- યાદગાર સ્વાગત- ગુજરાતની સાંસ્કૃતિક ઘરોહર સમૃદ્ઘ છે: મહેમાનોના પ્રતિભાવો



કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં છેલ્લાં કેટલાક સમયથીG-20 અંતર્ગત બેઠકો યોજાઈ રહી છે. હાલ બે દિવસે-૨૦અંતર્ગત મેયર પરિષદ યોજાઈ છે. અમદાવાદ મહાનગર પાલિકાના અધ્યક્ષપદે યોજાયેલી ‘મેયર પરિષદ’માં સહભાગી થવા દેશ-વિદેશમાંથી મહેમાનો અમદાવાદ આવી પહોંચ્યા છે. અમદાવાદ વિમાની મથકે તેમનું ઉષ્માસભર સ્વાગત કરાયું હતું. અમદાવાદ વિમાની મથકે રાજ્ય તંત્ર અને અમદાવાદ મહાનગરપાલિકા દ્વારાસ્વાગત કક્ષ બનાવીને મહેમાનોનું રાસ-ગરબા- કંકુ-તિલકથી પરંપરાગત સ્વાગત કરવામાંઆવ્યું હતું. વિમાની મથકે આ ભવ્ય સ્વાગતથી મહેમાનો અત્યંત પ્રભાવિત થયા હતા. બ્રાઝિલના રિઓ-ડી-જાનેરો સિટીમાંથીઆવેલા શ્રી લુકાસ અને પ્રેડોસ્પેડેલ તેમના સ્વાગતબાદ કહે છે કે, અમદાવાદ એરપોર્ટ પર જે પ્રકારનું પરંપરાગત રીતે અમારું સ્વાગત થયુંએ બદલઅમે આભાર વ્યક્ત કરીએ છીએ. એરપોર્ટ પર કલ્ચરલ પરફોર્મન્સ તેમજ હોસ્પિટાલિટીથી અમે ખૂબ અભિભૂત પણ થયા છીએ.જાપાનના ટોકિયા શહેરમાંથી આવેલા શ્રી યુસુક ટકાશી અને શ્રી મિરોન જાકીએ કહે છે કે, અમદાવાદમાં અમારું જે પ્રકારનું સ્વાગત થયું છે એ અમારા માટે એક યાદગાર સ્વાગત રહેશે. અમને એરપોર્ટ પર ચાનો ટેસ્ટ ખરેબર અદભુત લાગ્યો. અમારું આ પ્રકારનુ સ્વાગતકરવા બદલ અમે સરકારનો આભાર વ્યકત કરીએ છીએ. જ્યારે યુરોપિયન કન્ટ્રી મોલડોવામાંથી આવેલા શ્રી અમ્બ્રોર્ટકહે છેકે, અમે પ્રથમવખત ભારતમાં આવ્યા છે. અમારું ભારતમાં જે પ્રકારનું સ્વાગત થયું એ ખરેખર અદભુતહતું. ગુજરાતી કલ્ચર જોઈને અમને આનંદ થયો છે અને ગુજરાતની સાંસ્કૃતિક ઘરોબહર સમુદ્ધ છે.યુકેના લંડન શહેરમાંથી આવેલા શ્રી અનિતાજીએ કહ્યું કે, હું સમગ્ર આયોજનને લઈને ૫સ્ટાર રેટિંગ આપું છું. અમે સમગ્ર આયોજનને લઈને ખુશ છીએ. આ ઉપરાંત અમદાવાદ મહાનગર પાલિકાના અધ્યક્ષપદે યોજાયેલી ‘મેયર પરિષદ’માં સહભાગી થવા દેશ-વિદેશમાંથી આવેલા મહેમાનોએ અમદાવાદ એરપોર્ટ પર થયેલા તેમના સ્વાગતને એક યાદગાર સ્વાગતકહીને આભાર વ્યકત કર્યો હતો.

સુરત શહેરના ઉધના ખાતે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના અદયક્ષસ્થાને ઉત્કૃષ્ટ પરિણામ પ્રદર્શન શાળા સમારોહ-૨૦૨૩ યોજાયો

વિધાર્થીઓના હિત માટે પોતાનું સર્વ-સમર્પણ કરી દેનાર શિક્ષકો સાચા ગુરુજનો છે:શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા

કમલમ્ન્યુઝ,મયુરપટેલ

સુરત શહેરની ઉધના સ્થિત સનરાઈઝ સ્કૂલ અને લીઓ સ્કુલ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ ખાતે સુરત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા આયોજીત ઉત્કૃષ્ટ પરિણામ પ્રદર્શન શાળા સમારોહ-૨૦૨૩ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીના હસ્તે SSC (એસએસસી) અને HSC (એચએસસી)માં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરનારી સુરત શહેર-જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ મળી કુલ૫૮ શાળાઓનેપ્રમાણપત્ર અને ટ્રોફીઆપી પ્રોત્સાહિત કરાઈ હતી. આ પ્રસંગેશિક્ષણ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,સારા કર્મો અને કાર્યોનું મળેલું ઉતમફળ એટલે સન્માન. વિદ્યાર્થીઓના હિત માટે નિમિતમાત્ર બની પોતાનું સર્વ-સમર્પણ કરી દેનાર શિક્ષકો સાચા ગુરુજનો છે, જેઓ પરિણામની ચિંતા કર્યા વગર રચનાત્મક અભિગમથી શાળાના બાળકોમાં પારિવારિક મૂલ્યોનુંબીજારોપણ કરે છે.બાળકોમાંહકારાત્મક વિચારોનું સિંચન કરનારાઋષિતુલ્ય ગુરુજનો છે.જેમણેવિદ્યાર્થીઓ માટેશ્રેષ્ઠ કાર્ય કરવાનું છે. શિક્ષણની સાથે સર્વ-ધર્મ સમભાવ'ના અભિગમ દાખવી આધ્યામિક જ્ઞાન પણ પીરસવાનું છે. જેનાથી વિદ્યાર્થીઓના વિચારો શુદ્ધ અને આધ્યાત્મિક બનશે.ગુરુ અને શિષ્યના સબંધોમાં સાત્વિકતા પ્રગટશે.સારા ગુણોનું સિંચન થશે અને અવગુણોનો નાશ થશે. વિનમ્રતાના ભાવે વિદ્યાર્થીઓનું યોગ્ય દિશામાં ઘડતર થશે. ઘણી બધી શાળાઓમાં આધ્યામિકતાનું શિક્ષણ વસુધૈવ કુટુંબકમની ભાવનાથી અપાઈ રહ્યું છે,જે આપણા માટે ગર્વની વાત છે, ઈંગ્લેન્ડની અંદર પ્રથમ શાળાની સ્થાપના થઈ ત્યારે ભારતમાં ૭,૨૦૦ ગુરુકુલો કાર્યરત હતા. જેમાં વિદ્યાર્થીઓનું જ્ઞાનસિંચન વેદોક્ત પદ્ધતિથી કરાતું હતું. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, વિદ્યાર્થીઓના હિતમાં હરહંમેશા કાર્ય કરતાંપોતાના સ્વાર્થનહિ જોતા અનેપ્રલોભનથી દુર રહે તેજ સાચો શિક્ષક છે. જે બાળકોને માનવતાના મુલ્યોનું જ્ઞાન આપે છે, સમાજની રીતિ નીતિ સમજાવી એક શ્રેષ્ઠ નાગરિક બનાવવા પ્રેરણાપુરી પાડે છે. સખ્ત મહેનત કર્યા વિના સફળતા પ્રાપ્ત થતી નથી. વિદ્યાર્થીઓ માટે શિક્ષકોએ પણ સખત મહેનત કરવી જ પડેછે, તો જ સારુંપરિણામમેળવીશકાય છે. સ્માર્ટ કલાસરૂમ સાથે સ્માર્ટ એજયુકેશન પણ શિક્ષકોએ આપવાનું છે.શિક્ષણ સાથે બાળકોને અનેક પ્રકારની ઉત્તર પ્રવૃતિઓ કરાવવી જોઈએ. બાળકો મોબાઈલનો સદઉપયોગ કરે તે દિશામાં કાર્ય કરવા જણાવી સારું ગ્રહણ કરશો એટલુ સારું પરિણામ મેળવી શકાશે એ પુથ્વીપરનો સિધ્ધાંત હોવાનુંમંત્રીશ્રીએ જણાવ્યુ હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દિપકભાઈ દરજી, પુર્વ સચિન નગરપાલકા પ્રમુખ શ્રીમતી જયરાજકુવારબા વાંસિયા,લીઓ સ્કુલ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ,ઉધનાના ટ્રસ્ટીશ્રી જયસુખભાઈ કથીરીયા, વહીવટી અધિકારીશ્રી એમ.બી.જોષી, શિક્ષણ નિરિક્ષક સર્વેશ્રીઓ એસ.કે. મિસ્ત્રી, એચ.ડી.બારોટ, ટી.વાય.રાવ, એન.જી.વસાવા, સહિત શાળાના શિક્ષકો,આચાર્યો, ટ્રસ્ટીઓ ઉપસ્થિતરહ્યાં હતા.

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

"સંપર્કથી સમર્થન",અભિયાન અંતર્ગત આણંદ ચરોતર ગેસના ચેરમેન ધર્મેન્દ્રભાઈ જે.પટેલની આણંદ સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે મુલાકાત લીધી હતી. સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલા સેવા, સુસાશન,ગરીબ કલ્યાણ તથા લોકહિત ના કર્યો અંગે ચર્ચા કરી પુષ્પગુચ્છ અને પુસ્તક અર્પણકર્યુ હતું.

વિસનગરની એસ. કે. યુનિવર્સિટિ નાપ્રેસિડેંટ શ્રી પ્રકાશભાઈ પટેલ ને આનર્તગુર્જરી દ્વારા શ્રેસ્ઠ શૈક્ષણિક પુરસ્કાર

કમલમ્ ન્યુઝ,

સમગ્ર ઊત્તાર ગુજરાતમાં ૧૯૮૮ થી કાર્યરત એવી આનર્ત ગુજરી સંસ્થા કે જે સામાજિક , શૈક્ષણિક , રંગભૂમિ તથા રાજનૈતિક જેવી વિવિધ શ્રેણી માં નોંધનીય યોગદાન પ્રદાન કરનાર વિરલ વ્યક્તિતવ નું દર વર્ષે સન્માન કરે છે. આજ રોજ સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ ના પ્રેસિડેંટ અને નૂતન સર્વવિધયાલય કેળવણીમંડળ ના પ્રમુખ શ્રી પ્રકાશ ભાઈ પટેલ ને શક્ષણિક શ્રેણી અંતર્ગત ૨૦૨૩ વર્ષ નો એવાર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા. આ કાર્યકર્મ અંતર્ગતઉત્તર ગુજરાત ના પૌરાણિક મહત્વ , ભૌગોલિક પરિસ્થિતી અને વ્યક્તિ વિશેષ બાબતે ચર્ચા કરવા માં આવી. આ દરમ્યાન ઉત્તર ગુજરાત ના સ્વતંત્ર સેનાની સાથે શક્ષણિક ક્રાંતિ ની પહેલકરનાર આદરણીય સ્વ. શ્રી સાંકળચંદ પટેલ દાદા ને યાદ કરવામાં આવ્યા. વિસનગર ના

"નગર શેઠ " કે જેમને "તું તારા બાળકો ને પેટે પાટા બાંધી ને પણ ભણાવજે " સૂત્ર સાથે કન્યા કેળવણી ને પણ મહત્વ આપ્યું હતું. આજે સાંકળચંદપટેલ યુનિવર્સિટિ માત્ર ૭ વર્ષ ના ટૂંકા ગાળા માં જે હરણફાળ ભરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓહેસલ કરી રહી છે તેનો પરિચય આપવા માં આવ્યો. આ પ્રસંગે આનર્તગુજરિ , વેલકમ ગ્રુપ મેહસાણાતથા સિનયર સિટીજન હોમ જેવી સંસ્થા ના હોદેદારો શ્રી એ કે શાહ , મુરબ્બી શ્રી ઈન્દુભાઈ ભટ્ટ તથા ડો. વાય. ટી. પટેલસાહેબ પણઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ નારજિસ્ટ્રાર ડો. કે એ પટેલ , ડિરેક્ટર ઑફ ટેકનિકલ કૌર્સેસ ડો. એચ. એન. શાહ તથા પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાની સાહેબ હાજર રહી આનર્ત ગુર્જરી અને અન્ય સંસ્થા ને આવિકારી આનંદ ની લાગણી વ્યક્ત કરી હતી , અંતે આભારવિધિ ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા કરવામાંઆવી હતી.

અમદાવાદમાં સોલા ભાગવત નજીક યુ-૨૦ પાર્કમાં અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર સહિત દેશ-વિદેશના મેયર તથા ડેલિગેટ્સ દ્વારા વૃક્ષારોપણ

૪૦ દેશના મેયર સહિત ૫૬ જેટલા વિદેશી ડેલિગેટ્સ દ્વારા વૃક્ષારોપણ કરી ખાતમુહૂર્ત કરાયું

એક વર્ષમાં ૧૫ હજાર સ્કવેર મીટરનો શહેરનો પ્રથમ મેમોરિયલ પાર્ક તૈયાર કરાશે

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં સોલા ભાગવતનજીક શહેરનાપ્રથમ યુ-૨૦મેમોરિયલ પાર્કનું ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાં યુ-૨૦ સમિટ અંતર્ગતઆવેલા ૪૦દેશના મેયર સહિત કુલ ૫૬ જેટલા વિદેશી ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા, અનેઅમદાવાદના મેયરશ્રી કિરીટ પરમાર સહિત તમામના હસ્તે વૃક્ષારોપણ કરી પાર્કનું ખાતમુહૂર્ત કરાયું હતું. તેમજ વિદેશી મહાનુભાવોના હસ્તે બિગોનિયા અને મિલિનગટોનીયા હોર્ટેસિસ ફ્લાવરનું પણ વૃક્ષારોપણ કરાયું હતું. આ પાર્કનું નિર્માણ કાર્ય એક વર્ષનીઅંદર પૂર્ણ કરવામાંઆવશે. આ પાર્કની ડિઝાઈન મ્યુનિસિપલ વિભાગદ્વારા તૈયાર કરવામાં આવી છે. અંદાજે ૧૫ હજાર સ્કવેર મીટરના વિસ્તારમાં આ પાર્કનું નિર્માણ કરાશે. વૃક્ષારોપણ બાદ ભાવિ પેઢીની યાદગીરી માટે માટીની તક્ષી (કલે ટાઈન) પર અમદાવાદના મેયર સહિત વિદેશી ડેલિગેટ્સની હાથછાપ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૪૦ દેશના મેયર સહિત કુલ ૫૬ વિદેશી ડેલિગેટ્સ, મ્યુનિસિપલ કોર્પોરેશનનાઅધિકારીઓ, પોલીસ કર્મીઓ તથા અમદાવાદની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં પ્રથમ મેમોરિયલ પાર્ક તૈયાર કરવામાં આવીરહ્યો છે.ગુજરાતમાં યોજાઈ રહેલ ૫-૨૦ સમિટ અંતર્ગત U-20 સમિટને ભાવિ પેઢીયાદ રાખે અને ગ્રીન ઊર્જાને પ્રોત્સાહન મળે તે હેતુથી આ મેમોરિયલ પાર્કનું નિર્માણ કરવામાંઆવી રહ્યું છે

રાજકોટમાં મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા અદયક્ષસ્થાને બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટમાંકલેક્ટર કચેરી ખાતેમહિલા અનેબાળવિકાસમંત્રી સુશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષ સ્થાને વોર્ડ નંબર-૭૧ ના પદાધિકારી, આગેવાનો સાથેની બેઠકયોજાઈ હતી. આ બેઠકમાં સ્થાનિક પ્રશ્નો આગેવાનો-અરજદારોદ્વારા રજૂ કરાયા હતા. જેમાં જમીનના ટાઈટલ ક્લિયર કરવા, મતદાર યાદીમાં નામ સુધારણા કરવા, ખરાબાની જમીનને ડેવલેપ કરવા, વીજળી, રોડ ગટર, બ્રિજ, આંગણવાડી શરૂ કરવા સહિતના પ્રશ્નો હતા. આ સમસ્યાનો ઉકેલ લાવવા મંત્રીશ્રીએ અધિકારીઓને આદેશ આપ્યો હતો. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભૂપતભાઈ બોદર, કલેકટરશ્રી પ્રભવ જોષી, શહેર પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ,મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવચૌધરી, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોડ, અધિક નિવાસી કલેકટરશ્રી ખાચર, પીજીવીસીએલના અધિક્ષક ઈજનેરશ્રી વી.જી. મારકણા, અધિક્ષક ઈજનેરશ્રી બી.આર.વડાવીયા, કોર્પોરેટરો, આગેવાનો, અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

U20 મેયરલ સમિટમાં પધારેલા દેશ-વિદેશના ડેલિગેટ્સે ગાંધી આશ્રમની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,

ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી'એવા અમદાવાદના આંગણે૫૨૦ અંતર્ગતયોજાવા જઈ રહેલી બે દિવસીય U20 મેયરલ સમિટના પ્રથમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે અમદાવાદમાં આવેલાવિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગંધીઆશ્રમ મુલાકાત લીધી હતી.ગાંધી આશ્રમની મુલાકાતદરમ્યિાન અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર શ્રી એમ. થેન્નારસન, ગાંધી આશ્રમના ટ્રસ્ટી શ્રી કાર્તિકેય સારાભાઈ અને ડાયરેક્ટર શ્રી અતુલભાઈ પંડ્યા તેમજ શાળાની બાળાઓ દ્વારા સુતરની આંટી પહેરાવીને G20 અને U20 સમિટ અંતર્ગત અમદાવાદ પધારેલાવિવિધ રાષ્ટ્રના મેયરશ્રીઓતથા પ્રતિનિધિશ્રીઓનું ઉષ્માસભર સ્વાગતકરવામાં આવ્યુ હતું.

G20 રાષ્ટ્ર સમૂહના મેયરશ્રીઓતેમજ પ્રતિનિધિશ્રીઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. હૃદયકુંજના વિવિધ ખંડોની મુલાકાતલઈને પ્રતિનિધિશ્રીઓએ ચરખાપર કાંતણ પણ કર્યુ હતું.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના અધ્યક્ષસ્થાને રોજગાર કચેરી દ્વારા ટી.સી.એસ. કંપનીમાં નોકરી અર્થે ભરતી મેળો યોજાયો

"યુવાઓને 'જોબ સિકર' નહિ પણ 'જોબ ગીવર' બનાવી રહ્યા છે રોજગાર મેળા"- ડો. દર્શિતાબેન શાહ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ અને શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે આઈ.ટી. ક્ષેત્રની નામાંકિત કંપની ટી.સી.એસ. (ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસ) માટે શ્રીમતી જે.જે.કુંડલીયા કોમર્સકોલેજ ખાતે ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહના અધ્યક્ષ સ્થાને રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ વિખ્યાત ટી.સી.એસ. કંપનીમાં નોકરી મેળવવા રોજગાર મેળામાં ઉપસ્થિત યુવાઓને શુભેચ્છા પાઠવી જુસ્સાસભર પ્રેરણાત્મક ઉદબોધન થકી ડો. દર્શિતાબેન શાહે જણાવ્યુ હતું કે, દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વહેઠળ "સ્કીલ ઈન્ડિયા", "મેક ઈન ઈન્ડિયા" જેવા મહત્ત્વના અભિયાનો થકી ૨૦૨૪ સુધીમાં ૧૦ લાખ યુવાઓને રોજગારીની તકો પૂરી પાડવાનું લક્ષ્ય છે. યુવાઓની કૌશલ્ય શક્તિ ખીલે તે માટે અનેકવિધ કૌશલ્યવર્ધન અભ્યાસક્રમો, યોજનાઓ અમલી બનાવી છે. મોદી સાહેબનું લક્ષ્ય છે કે, ભારતનાં યુવા "જોબ સિકર" નહિ પણ "જોબ ગીવર" બની રોજગારીની તકોનું સર્જન કરી સ્વની સાથેઅન્યને પણ રોજગારી આપી આત્મનિર્ભર બનાવે અને દેશના વિકાસમાં યોગદાન આપે. વિકાસશીલ ભારતને વિકસિત ભારત બનાવવા યુવાઓનું યોગદાન મહત્વનું બની રહેશે. તેમણે વધુમાં કહ્યુંહતું કે, આજનો યુવાન આવતીકાલના ભારત દેશનું ઉજ્જવળ ભવિષ્ય છે. યુવા વર્ગ સશક્ત અને સમૃધ્ધ થાય તે માટે રાજકોટ જિલ્લાના શિક્ષિત યુવાનોને પસંદગીનાક્ષેત્રમાં નોકરી મળી રહે તે માટે યુવાનો અને નામાંકીતકંપનીઓવચ્ચે રોજગાર વિભાગ સેતુરૂપ ભૂમિકા ભજવી સમયાંતરે જુદી જુદી કોલેજોમાં જઈને રોજગાર મેળા યોજી રોજગારી સર્જનમાં પરિણામલક્ષી કામગીરી કરી રહ્યો છે. જરૂરિયાતમંદ વ્યક્તિઓને રોટી, કપડાંકે જરૂરિયાતનીચીજ વસ્તુઓ એક વાર આપવા કરતાં લોકો આત્મનિર્ભર બને અને તેની જરૂરીયાત કાયમી માટે સંતોષાય તેવાપ્રયત્નો સરકાર રોજગારી આપી કરી રહીછે. યુવા વર્ગઆગળ વધે પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું નામ રોશન કરી રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય તે માટે સરકાર હરહંમેશયુવાઓની પડખે છે તેવી ખાતરી આપી હતી. કંપનીના એચ.આર. મેનેજરશ્રી પૂજા નંદાણીયાએ ઉપસ્થિત ઉમેદવારોને કંપનીમાં કરવાની થતી કામગીરી, પગાર ધોરણ, કંપની દ્વારા મળવાપાત્ર લાભો, ભવિષ્યની ઉજ્જવળ તકો સહિતની મહત્વની બાબતોવિશે જાણકારીઆપી હતી. આ રોજગાર ભરતીમેળામાં વર્ષ ૨૦૨૧/૨૦૨૨/૨૦૨૩માં બી.એ./બી.કોમ/બી.બી.એ./બી.એસ.સી.(નોન-આઈટી)નો અભ્યાસ પૂર્ણ કરેલ ૧૧૦ ઉમેદવારોએ "બિઝનેસ પ્રોસેસ સર્વિસ"ની જગ્યાઓ માટે લેખિત પરીક્ષા આપી હતી. પાસ થયેલા ઉમેદવારોની ઈન્ટરવ્યુ થકી પસંદગી કરવામાં આવશે. મહાનુભાવોનાં હસ્તે દીપ પ્રાગટ્ય થકી શરૂઆતથયા બાદ શાલ, બુક અને ખાદીના રૂમાલ થકી સ્વાગત કરવામાંઆવ્યું હતું.

આ તકે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સહિત અનેકવિધ સંસ્થાનાં ટ્રસ્ટી ડો.અલ્પનાબેન ત્રિવેદી, મદદનીશ નિયામક શ્રી ચેતન દવેએપ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સંસ્થાના આચાર્યશ્રી ડો. પ્રીતિબેન ગણાત્રાએ ઉપસ્થિતિનો શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ મેળામાં ટી.સી.એસ. કંપનીનાં પ્રતિનિધિઓ, સંસ્થાનાં પ્રાધ્યાપકો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિકાસ કાર્યો અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

જિલ્લાના જર્જરિત બિલ્ડીંગોને રીડેવલપમેન્ટ કરવા સરકારમાં દરખાસ્ત કરવા મંત્રીશ્રીની સૂચના

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લાના વિકાસ કાર્યો અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં જ પ્રભારી મંત્રીશ્રીએ બિપરજોય વાવાઝોડામાં કામ કરનાર સૌ પદાધિકારીઓ, અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થા સહિત તમામ લોકોને નિષ્ઠાપુર્વક સહકાર આપવાબદલ અભિનંદન પાઠવ્યા હતા. પ્રભારી મંત્રીશ્રીએ પ્રજાના વાલી તરીકે ગુણવત્તાયુક્ત અને સુવિધાસભર વિકાસકામો થાય તે સુનિશ્ચિત કરવા અધિકારીશ્રીઓને જણાવ્યુંહતું. આ બેઠકમાંજિલ્લાના ૨૦જેટલા પ્રશ્નો રજૂ થયા હતા. જેમાં દબાણ દૂર કરવા, સીસીટીવી માટે ગ્રાન્ટ આપવા, સનદ, વારસાઈ એન્ટ્રી, ખેડુતો- સમાજને આપવાની થતી જમીન સહિતના પ્રશ્નો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. લોકપ્રશ્નોનું ઝુંબેશ સ્વરૂપે નિરાકરણ લાવવા મંત્રીશ્રીએ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી તેમજ જંત્રી રિસર્વે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા તથા ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટીની કામગીરી માટેની સમીક્ષા કરી હતી. આ તકે ધારાસભ્યશ્રીઓએ પણ પોતાના વિસ્તારના પ્રશ્નો રજુ કર્યા હતા. મંત્રીશ્રીએ હાલના ચોમાસામાં રાજકોટ રેડએલર્ટમાં હોવાથી તંત્ર પૂરતું સાબદા રહે તેવી સૂચના આપી હતી. જિલ્લાના જર્જરીત બિલ્ડીંગોને રીડેવલપમેન્ટ કરવા સરકારમાં દરખાસ્ત કરવા મંત્રીશ્રીએ ભાર મુકયો હતો. અધિક નિવાસી કલેકટરશ્રી એસ.જે.ખાચરે ઉપસ્થિતોનું શાબ્દિક સ્વાગત કરી બેઠકમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી વાવાઝોડા સંદર્ભેકચેરી કામગીરીઅને વિકાસ કામો અંગેની માહિતી રજુ કરી હતી. આ બેઠકમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય સર્વશ્રી ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, ડો. મહેન્દ્રભાઈપાડલીયા, રમેશભાઈ ટીલાળા, જિલ્લાપંચાયત પ્રમુખશ્રી ભુપતભાઈ બોદર, અગ્રણીશ્રી ભરતભાઈ બોઘરા, મુકેશભાઈ દોશી, શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, કલેકટરશ્રી પ્રભવજોષી, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ, મ્યુનિસિપલકમિશનર શ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, એસ.પી ગ્રામ્ય શ્રી જયપાલસિંહ રાઠોર સહિતના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028